ચોપાઇ- પછી વરતાલે વાલો આવિયા, દિન દોયક પોતે ત્યાં રીહ્યા।
પોતે પધાર્યા દેશ પંચાળ, દીનબંધુ જે દીનદયાળ ॥૧॥
સંત સરવે રહ્યા ગુજરાત, કરે હરિજન આગે વાત ।
સહુ કરી લીયો ઘરકાજ, હમણાં કરશે ઉત્સવ મહારાજ ॥૨॥
આવી હુતાસની દિન થોડે, પ્રભુ પધારશે ચડી ઘોડે ।
એવું સાંભળી સતસંગી જન, કરે મનોરથ વળી મન ॥૩॥

હવે તેડાવશે પ્રભુ જ્યારે, જાશું સહુ મળી દર્શને ત્યારે ।
કહે એક કરાવું પોશાગ, શાલ દુશાલ સોનેરી પાઘ ॥૪॥
જામો જરી સુંદર સુરવાળ, સારો સોનેરી છેડે ચોફાળ ।
એક કહે વેઢ વિંટી કડાં, કરાવીશ કનકનાં રૂડાં ॥૫॥
બાજુ કાજુ કુંડળ રૂપાળાં, રૂડી ઉતરી સાંકળી માળા ।
એક કહે કરાવું કંદોરો, શિરપેચ ને સોનેરી તોરો ॥૬॥
એક કહે પૂજીશ હું નાથ, ઘસી ચંદન સુંદર હાથ ।
એક કહે કરીશ આરતી, નમી ચરણ કરીશ વિનતિ ॥૭॥
એમ કરે મનોરથ દાસ, ત્યાંતો આવિયો ફાગણ માસ ।
દેશો દેશ કંકોતરી ફેરી, ફુલડોલના ઉત્સવ કેરી ॥૮॥
આપી આજ્ઞા જનને મહારાજે, કરજ્યો સમાજ રમવા કાજે ।
અમે આવશું વરતાલ વહેલા, પંચદિન હુતાસની પહેલા ॥૯॥
પછી સંતે કરાવ્યો સમાજ, હેતે હરિશું રમવા કાજ ।
રૂડી રીત્યના કઢાવ્યા રંગ, ભર્યા હોજ યમુના ને ગંગ ॥૧૦॥
સુંદર પીચકારી કરાવી, રમશે હરિ હરિજન આવી ।
બહુપેરે કરાવ્યા સમાજ, ત્યાંતો પોતે પધાર્યા મહારાજ ॥૧૧॥
આવી દાસને દર્શન દીધાં, નિર્ખિ નાથ જને સુખ લીધાં ।
આપ્યો દાસને અતિ આનંદ, પોતે પધાર્યા પૂરણચંદ ॥૧૨॥
આવ્યા હરિ સખાની હેડીએ, ઉતર્યા જોબનની મેડીએ ।
પછી તેડીયા સંત સમસ્ત, આવ્યા સાંખ્યયોગી ઘણા ગૃહસ્થ ॥૧૩॥
મળ્યા મનુષ્ય અતિ અપાર, પછી પ્રભુ આવ્યા પુર બહાર ।
દિયે દર્શન દીનદયાળુ, અતિકરુણાએ ભર્યા કૃપાળુ ॥૧૪॥
તિયાં આવ્યો ઉત્સવનો દન, કર્યું રસિયે રમવાનું મન ।
ભરી ઝોળી ઉડાડે ગુલાલ, તેણે સખા થયા સહુ લાલ ॥૧૫॥
નાખે પીચકારી ભરી રસ, રંગે સખા કીધા રસબસ ।
સખા શોભે છે સુંદર રંગે, રમે અલબેલો ઉછરંગે ॥૧૬॥
પછી સખે કર્યો તો હિંડોળો, સારો શોભિત સુંદર પહોળો ।

બાર બારણે ઓપે અનૂપ, જોયા જેવું છે જાળિનું રૂપ ॥૧૭॥
પાંચ શિખરે શોભે નિદાન, જાણીયે વૈકુંઠનું વિમાન ।
કાજુ કનકનાં કોટિમાં લેકે, બહુ ફુલને હારે તે બેકે ॥૧૮॥
રૂડો રચ્યો મળી મુનિરાજ, એવે હિંડોળે બેઠા મહારાજ ।
પછી ધર્યો મુગટ સુજાણે, શોભે સૂર્યતેજ પરમાણે ॥૧૯॥
અતિશોભા દિયે છે અપાર, નંગ પંગતિનો નહિ પાર ।
જડ્યાં મણિ માણેક ને મોતિ, કરે છે હીરા ઝવેર જ્યોતિ ॥૨૦॥
જોઈ વજ રુચકની જાત્ય, લાલ નીલે પીળે પાડિ ભાત્ય ।
નંગ ઝગમગ કરે જોત્ય, જાણું રવિ શશિ થયા ઉદ્યોત ॥૨૧॥
એવાં રૂડાં રતનનો જડ્યો, ઘણેઘણે હેતે કરી ઘડ્યો ।
એવો મુકુટ ધર્યો છે નાથે, પહેર્યાં કનકનાં કડાં બે હાથે ॥૨૨॥
કરે વેઢ વિંટી બાંયે બાજુ, મકરાકૃત કુંડળ કાને કાજુ ।
શિર પેચ ને સોનેરી તોરો, કેડે બાંધ્યો કનક કંદોરો ॥૨૩॥
હૈયે પહેર્યા છે હેમના હાર, શોભે ફુલની માળા અપાર ।
કર્યાં તિલક કેશરતણાં, તેણે શોભે છે સુંદર ઘણાં ॥૨૪॥
પછી જને કરી છે આરતિ, થાય જયજય શબ્દ ત્યાં અતિ ।
મળ્યા જન ત્યાં અતિ અપાર, લઈ ઉભા છે ફુલના હાર ॥૨૫॥
પણ પ્રભુને કેમ અપાય, અતિ ભિડ્ય પાસે ન જવાય ।
તેના મનોરથ પુરા કીધા, હાથ છડીવડ્યે હાર લીધા ॥૨૬॥
પછી માથેથી મુગટ ઉતારી, સુંદર સોનેરી પાઘ તે ધારી ।
તેનાં દીધાં સહુને દર્શન, કર્યાં જનનાં મન પ્રસન્ન ॥૨૭॥
પછી સહુની પૂરવા હામ, ઝુલે હિંડોળે સુંદર શ્યામ ।
હાલે હિંડોળો વાયુને વેગ, થઈ મગન ઝરે તિયાં મેઘ ॥૨૮॥
તિયાં આવિને થોભ્યાં વિમાન, ગાય ગાંધર્વ ત્યાં ગુણગાન ।
તિયાં જયજય બોલે છે જન, એમ લીળા કરે છે જીવન ॥૨૯॥
વીતિ એમ આનંદમાં રાત્ય, ઉગ્યો સૂર હવું પરભાત્ય ।
ત્યારે શ્યામળીયો સજ્જ થયા, સખાને સંગ રમવા રહ્યા ॥૩૦॥

ચાલે ચૌદિશે પિચકારી ઘણી, ચડી ગરદી ગુલાલતણી ।
ચડ્યા રમતે રસિયો રાજ, સુખ સંતને આપવા કાજ ॥૩૧॥
રમે સામ સામા નવ હારે, વચમાં પડી કોઈ ન વારે ।
એમ ખેલે છે ખાંતિલો હોળી, નાખે ભરી ગુલાલની ઝોળી ॥૩૨॥
વાજે વાજાં ત્યાં ઢોલ નગારાં, ત્રાંસા શરણાઈ રવાજ સારાં ।
બહુ મચીછે રંગની ઝડી, જુવે અમર વિમાને ચડી ॥૩૩॥
રમે હરિસંગે હરિજન, કરે નર અમર ધન્ય ધન્ય ।
પછી પ્રભુજી ચડીયા ઘોડે, સખા લીધા છે સરવે જોડે ॥૩૪॥
ફરે સંઘમાં દિયે દર્શન, કરે જનનાં મન પ્રસન્ન ।
એમ લીળા કરે છે લાડીલો, રંગમાં રસબસ છે છેલો ॥૩૫॥
એમ પ્રભુ રમ્યા સખા સાથ, પછી નાવા ને ચાલિયા નાથ ।
નાહિ નાથ ને આવ્યા ઉતારે, થયો જમણ થાળ તે વારે ॥૩૬॥
જમિયા પોતે જીવનપ્રાણ, જમાડ્યા છે જને કરી તાણ ।
પછી સંતની પંક્તિ બેસારી, આવ્યા પિરસવા ગિરિધારી ॥૩૭॥
જમે જન જમાડે જીવન, એમ લીળા કરી બહુ દિન ।
આપ્યું સુખ એમ બહુ વિધિ, પછી સંતને શીખજ દીધી ॥૩૮॥
એમ ઉત્સવ કર્યો અવિનાશે, કરાવ્યો બાપુ રણછોડદાસે ।
કરી વરતાલ દેશ વિદિતિ, ધન્ય નર એ નારીની પ્રીતિ ॥૩૯॥
કર્યો ઉત્સવ જગજીવને, ફાગણસુદિ પુન્યમને દને ।
તેદિ સુંદર ઉત્સવ કરી, પછી પાંચાળે પધાર્યા હરિ ॥૪૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીનારાયણચરિત્રે મહારાજહિંડોળે ઝુલ્યા ને ઘણું જ ઐશ્વર્ય જણાવ્યું એ નામે તોતેરમું પ્રકરણમ્ ॥૭૩॥